વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં એએવાય તથા બીપીએલ કુટુંબોને આયોડીનયુકત મીઠાના વિતરણની યોજના(SCSP)માં થનાર ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બજટ/૧૧૨૦૧૮/૫૬૯૪/ક
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪, સરદારભવન,પાંચમો માળ
સચિવાલય, ગાંધીનગર
તા. ૬/૦૫/૨૦૧૯

ઠરાવઃ-

રાજ્યના એએવાય તથા બીપીએલ કુટુંબોને મીઠાના વિતરણની યોજના(SCSP) માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રની જોગવાઇ મુજબ રૂ. ૭૯.૮૦/- લાખ ખર્ચ કરવા માટે નિયામકશ્રી, અ.ના.પુ.કચેરીને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૪. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

૬. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૭. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ ઠરાવેલ લક્ષ્યાંકો, અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

૯. આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય, તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આઇટી સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અને તા.૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫૧૪૦૫-ચ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક:- | ૯૫ |
| મુખ્ય સદર:- | ૩૪૫૬-નાગરિક પુરવઠો |
| ગૌણ મુખ્ય સદર:- | ૦૦ |
| ગૌણ સદર:- | ૧૯૦- જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય |
| પેટા સદર:- | ૦૨- એએવાય તથા બીપીએલ કુટુંબોને આયોડીનયુકત મીઠાનું વિતરણ |

શાખાની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૪/૨૦૧૯ની અનુમતિ અન્વયે આ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ભગવતી દવે)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

નકલ સવિનય રવાના:-

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

(3) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) અગ્રચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) નાણા સલાહકારશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, બ્લોક નં ૫, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૮) નાણાં વિભાગ ક-શાખા સચિવાલય, ગાંધીનગર

(૯) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, બ્લોક નં-૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) ઉપસચિવશ્રી, બજેટ શાખા, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર

(૧૨) સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૩) સિલેક્ટ ફાઈલ.